તું તો કાળી ને કલ્યાણી રે મા, જ્યાં જોવું ત્યાં જોગ માયા....

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૯૮ | ૨૯ સપ્ટેમ્બર, ૨૦૧૪, સોમવાર; આસો સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦




## કોલવડામાં આયુર્વેદ હોસ્પિટલ કાર્યરત થશે

### આગામી શૈક્ષણિક સત્રથી આયુર્વેદ કોલેજ પણ કાર્યરત કરવામાં આવે તેવી શક્યતાના નિર્દેશો

ગાંધીનગર, તા. ૨૮

કોલવડા ખાતે આ વર્ષના અંત સુધીમાં આયુર્વેદ હોસ્પિટલ કાર્યરત કરવાની દિશામાં તંત્રએ કવાયત હાથ ધરી છે.

ગાંધીનગર નજીક કોલવડા ગામે મોડેલ આયુર્વેદ કોલેજના નિર્માણ પાછળ રૂ. ૧૧૫ કરોડથી વધુનો ખર્ચ રાજ્ય સરકારે કર્યો છે. આ કોલેજની સાથે સાથે હોસ્પિટલ પણ બનાવાઈ છે. ૧૫૦ પથારીની સુવિધાનું આયોજન છે.

રાજ્ય સરકાર દ્વારા હવે આ અંગે મકાનનું બાંધકામ પૂર્ણ થઈ જતાં હોસ્પિટલ પ્રથમ તબક્કે શરૂ કરવા માટેની કવાયત હાથ ધરવામાં આવી છે. તદ્દન આધુનિક સુવિધાઓથી સજ્જ આ મકાનમાં હોસ્ટેલ સહિતની તમામ સુવિધાઓ વિદ્યાર્થીઓ માટે ઉભી કરાઈ છે.

રાજ્યના આરોગ્યમંત્રીશ્રી નીતિન પટેલે પણ આ કોલેજની મુલાકાત લઈ અને સમગ્ર સંકુલની સુવિધાઓની સમીક્ષા કરી હતી. મળતી વિગતો મુજબ આગામી સપ્તાહમાં આરોગ્ય મંત્રીશ્રી નીતિન પટેલે વિભાગના અધિકારીઓ સાથે આગામી સપ્તાહમાં બેઠક બોલાવી છે.

આ બેઠકમાં હોસ્પિટલ શરૂ કરવા માટેની કાર્યવાહી હાથ ધરવાની સૂચનાઓ અપાશે. આ માટે જરૂરી કર્મચારીઓની ભરતી માટે પણ સરકાર દ્વારા લીલી ઝંડી આપવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

ગાંધીનગરમાં મેડિકલ કોલેજ અને ખાનગી ડેન્ટલ કોલેજ બાદ હવે મેડિકલ ક્ષેત્રમાં આયુર્વેદ કોલેજનો આરંભ થવા જઈ રહ્યો છે. મળતા નિર્દેશો મુજબ આગામી શૈક્ષણિક સત્રથી આયુર્વેદ કોલેજ શરૂ કરવાનું આયોજન છે અને તે માટે પહેલા હોસ્પિટલ શરૂ કરાશે.

ગાંધીનગર જિલ્લામાં આયુર્વેદની હાલ ૧૭ જેટલી ડિસ્પેન્શનરીઓ છે. શહેર અને જિલ્લામાં આયુર્વેદ છેલ્લા ત્રણેક વર્ષથી વધુ લોકભોગ્ય બન્યુ છે. ગાંધીનગર શહેરમાં સેક્ટર-૨૨ માં આયુર્વેદ હોસ્પિટલ પણ કાર્યરત છે.

## કર્મચારીઓને સાત ટકા મોંઘવારી ભથ્થુ આપવાની દરખાસ્તને નાણા મંત્રાલયની મંજુરી

ગાંધીનગર, તા.૨૮

રાજયના કર્મચારીઓને સાત ટકા ડી.એ. આપવાની નાણા વિભાગની દરખાસ્તને નાણા મંત્રાલયે મંજુરી આપતા આગામી સપ્તાહમાં ડી.એ.ની જાહેરાત કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

નાણા વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં જ કેન્દ્ર સરકારના કર્ચમારીઓને સાત ટકા મોંઘવારી ભથ્થુ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

કેન્દ્ર દ્વારા ડી.એ.ની જાહેરાત કરવામાં આવ્યા બાદ કેન્દ્રના ધોરણે જ રાજયના કર્મચારીઓને પણ રાજય સરકાર દ્વારા આ લાભ આપવામાં આવે છે.

પ્રાપ્ત વિગતો મુજબ કેન્દ્રના ધોરણે રાજયના કર્મચારીઓને પણ સાત ટકા મોંઘવારી ભથ્થુ આપવા અંગે તેમજ આ લાભ આપવાને કારણે રાજય સરકાર ઉપર કેટલું આર્થિક ભારણ આવશે એ અંગેની એક દરખાસ્ત તૈયાર કરીને નાણા મંત્રાલય સમક્ષ મંજુરી અર્થે રજુ કરવામાં આવી હતી.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ નાણા વિભાગ દ્વારા રજુ કરવામાં આવેલી આ દરખાસ્તને નાણા મંત્રાલયે મંજુરી આપીને આ દરખાસ્ત મુખ્યમંત્રીની મંજુરી અર્થે મોકલી આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ મુખ્યમંત્રી કક્ષાએ આ દરખાસ્તને મંજુરી મળ્યા બાદ આગામી સપ્તાહમાં અથવા દિવાળીના તહેવાર પહેલા રાજય સરકાર આખરી નિર્ણય લઈને કર્મચારીઓના પગારમાં સાત ટકા મોંઘવારી ભથ્થુ આપવાની જાહેરાત કરનાર હોવાનું જાણવા મળે છે.

સાત ટકા મોંઘવારી ભથ્થુ આપવાના સરકારના આ નિર્ણયનો લાભ રાજયના કર્મચારીઓ તેમજ પેન્શનરોને મળનાર હોવાનું જાણવા મળે છે.

## પાનસર ગામમાં બે જુથો વચ્ચે ધિંગાણુ

### કોલેજમાં થયેલી મારામારીની અદાવતમાં દરબાર અને રબારી વચ્ચે હિંસક અથડામણ : ૩૦૦ ના ટોળા સામે ગુનો દાખલ : રાઉન્ડ ધ ક્લોક પોલીસ બંદોબસ્ત ગોઠવાયો

ગાંધીનગર, તા. ૨૮

જિલ્લાના કલોલના પાનસર વિસ્તારમાં ગઈકાલે રાત્રે દરબાર અને રબારી બે જુથો વચ્ચે જુની અદાવતને લઈ ધિંગાણુ થઈ ગયું હતુ. સામસામે પથ્થરમારો અને લાકડીઓ તથા ધોકાઓ ઉછળ્યા હતા. ઘટનાની જાણ થતા જ ડીએસપી સહિત જિલ્લાભરની પોલીસ પાનસર ગામમાં ખડકી દેવામાં આવી હતી અને પરિસ્થિતિ વધુ વણસે તે પહેલા મામલો થાળે પાડી દીધો હતો. આ ઘટનામાં ૩૦૦ ના ટોળા સામે રાયોટીંગનો ગુનો દાખલ કરી ગામમાં રાઉન્ડ ધ ક્લોક પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

શનિવારે કલોલની કોલેજમાં ગરબાનું આયોજન થયું હતુ. જેમાં ચાલુ ગરબામાં રબારી અને દરબાર વિદ્યાર્થીઓ વચ્ચે છુટા હાથની મારામારી થઈ હતી. જે અનુસંધાને પોલીસે સ્થળ પર પહોંચી ટોળુ વિખેરીને પરિસ્થિતિ કાબુમાં લઈ લીધી હતી. દરમ્યાન આ અદાવત રાખીને ગઈકાલે રાત્રે પાનસર ગામમાં બન્ને જુથો સામસામે આવી ગયા હતા. રબારી અને દરબારો વચ્ચે લાકડીઓ અને ધોકા ઉછળ્યા હતા અને સામસામે પથ્થરમારો થયા હતા. આ ઘટનામાં ૯ જેટલા વ્યક્તિઓ ઘાયલ પણ થયા હતા. ભારેલા અગ્નિ જેવી સ્થિતિ અંગે પોલીસને જાણ થતા જ ડીએસપી સહીત એલસીબી, એસઓજીની ટીમો તથા સ્થાનિક પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને બન્ને જુથોના ટોળા વિખેરી નાંખ્યા હતા. પરિસ્થિતિ કાબુમાં લઈ ચાંપતો પોલીસ બંદોબસ્ત આખી રાત રાખી રાઉન્ડ ધ ક્લોક પોલીસ મુકવા આદેશ આપી દેવાયો છે. આ મામલે પોલીસે ૩૦૦ ના ટોળા સામે રાયોટીંગનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

## ધો. ૧૧ અને ૧૨ની સેમેસ્ટર પરીક્ષાને લઈ સોમવારે કલેક્ટરની અધ્યક્ષતામાં બેઠક

ગાંધીનગર, તા. ૨૮

આગામી તા. ૧૧ ઓક્ટોબરથી ધો. ૧૧ અને ૧૨ ની પરીક્ષાનો પ્રારંભ થશે. ધો. ૧૧ સેમેસ્ટર એક તેમજ ધો. ૧૨ ના સેમેસ્ટર-૩ ની પરીક્ષા સંદર્ભે સોમવારે પરીક્ષા સમિતિની બેઠક યોજવામાં આવશે.

નવરાત્રી પૂર્વે શાળાકક્ષાએ પ્રથમ વાર્ષિક કસોટીનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યારે નવરાત્રી બાદ અને દિવાળી પૂર્વે ધો. ૧૧ અને ૧૨ ની સેમેસ્ટર પરીક્ષા લેવામાં આવશે. જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા પરીક્ષાલક્ષી તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. શિક્ષણ તંત્રના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ધો. ૧૧ અને ૧૨ ની સેમેસ્ટર પરીક્ષાને અનુલક્ષી સોમવારે પરીક્ષા સમિતિની બેઠક યોજવામાં આવનાર છે. જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં યોજાનારી પરીક્ષા સમિતિની બેઠકમાં જરૂરી મુદ્દાઓ અંગે ચર્ચા કરવામાં આવશે. ધો. ૧૧ સેમેસ્ટર-૧ માં જિલ્લામાંથી ૬૦૫૫ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જ્યારે ધો. ૧૨ સેમેસ્ટર-૩ માં ૫૬૦૦ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસશે. નવરાત્રી ટાંણે વિદ્યાર્થીઓ પરીક્ષાલક્ષી તૈયારીમાં લાગી ગયા છે. ત્યારે પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે જિલ્લામાં પ્રત્યેક પરીક્ષા ખંડમાં સી.સી. ટી.વી. કેમેરા ગોઠવવામાં આવશે. જ્યારે આ વ્યવસ્થા ઉપલબ્ધ ન હોય તેવા વર્ગખંડોમાં ટેબલેટ મુકવામાં આવશે. સોમવારે પરીક્ષા સમિતિની બેઠક દરમિયાન પરીક્ષાલક્ષી આખરી આયોજન કરવામાં આવશે.


શુ તમારા પાસે સમય નથી પાર્લર જવાનો
તો, પાર્લર તમારા ઘરે આવશે
(ફક્ત લેડીઝ માટે)
Rqueen
Beauty Parlour
હોમ સર્વિસ
મો. : ૯૫૭૪૧ ૩૩૮૪૯





